# ડી. એલ. એડ્. અભ્યાસક્રમ મૉડ્યૂલ (અજમાયશી)

## પ્રથમ વર્ષ  અને દ્વિતીય વર્ષ

**કોર્સ – 9**

શાળા ઇન્ટર્નશિપ

### માર્ગદર્શન

**શ્રી બી. એન. રાજગોર**
સચિવ
જીસીઇઆરટી, ગાંધીનગર

**ડૉ. ટી. એસ. જોષી**
ઓ.એસ.ડી.,
જીસીઇઆરટી, ગાંધીનગર

### પ્રેરણા

**ડૉ. આર. યુ. પુરોહિત**
**નિયામક**
જીસીઇઆરટી, ગાંધીનગર

નિર્માણ સંયોજન

શ્રી આઈ. વી. પટેલ, સભ્ય સચિવ, અભ્યાસક્રમ સમિતિ, જીસીઇઆરટી, ગાંધીનગર

ડૉ. હરેશ ચૌધરી, અભ્યાસક્રમ કો-ઑર્ડિનેટર, જીસીઇઆરટી, ગાંધીનગર

ડૉ. અખિલ ઠાકર, રિસર્ચ એસોસિએટ, જીસીઇઆરટી, ગાંધીનગર

ડૉ.ગૌરાંગ વ્યાસ, સીનિયર લેક્ચરર, ડાયટ, ઈડર

કન્વીનર

ડૉ. આશા બરાસરા, પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ

જીસીઇઆરટી, વિદ્યાભવન, ઉદ્યોગભવન સામે, સેકટર-12, ગાંધીનગર

## વિષય સલાહકાર

ડૉ. હરેશભાઇ ચૌધરી

ડૉ. દિપુબા દેવડા

## લેખન-સંપાદન

ડૉ. ભગવાનભાઇ પટેલ

શ્રી વિપુલ મહેતા

ડૉ. વર્ષાબેન પ્રજાપતિ

ડૉ.સુધાબેન પતાણી

## સમીક્ષા

શ્રી આઈ. વી. પટેલ

શ્રી પાર્થેશભાઈ પંડ્યા

## પ્રસ્તાવના:

પરિવર્તનના પગથિયાં ચડીને જ પ્રગતિના રાજમાર્ગ સુધી પહોંચી શકાય છે. પ્રગતિના પીયૂષ પીવા માટે પરિવર્તન આવશ્યક છે. આ બાબતને અનુલક્ષીને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ પ્રભાવી બનાવવા માટે સમયાંતરે તેના અભ્યાસક્રમમાં ફેરફાર કરવાની જરૂરિયાત ઊભી થતાં ક્રમશઃ પુનઃરચના કરવામાં આવી હતી.

પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમની પુનઃરચનાના ઇતિહાસમાં ડોકિયું કરીએ તો ઈ.સ. 1995માં રાજ્યવ્યાપી અમલી બનેલ ક્ષમતાકેન્દ્રી અભિગમને અનુલક્ષીને ક્રમશઃ ઈ.સ. 1999 અને 2002માં અભ્યાસક્રમની પુનઃરચના કરવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રીય અભ્યાસક્રમ માળખું (NCF) - 2005ની જાહેરાત અન્વયે રાજ્યની પ્રાથમિક શાળાઓના પાઠ્યક્રમમાં પરિવર્તન આવતાં તેમજ અભ્યાસક્રમમાં પુનરાવર્તન પામતી ક્ષમતાઓ દૂર કરવાના હેતુસર ઈ.સ. 2008-09માં અભ્યાસક્રમને પુનર્ગઠિત કરવામાં આવેલ.

વર્તમાન સમયના પરિપ્રેક્ષ્યમાં ગુજરાત રાજ્યમાં NCF-2005, RTE-2009 અને NCTE દ્વારા પસિદ્ધ કરવામાં આવેલ NCFTE-2009 તથા 12મી પંચવર્ષીય યોજનાની ભલામણોને ધ્યાને લઈને પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થયેલ ફેરફારોના અનુસંધાને પ્રાથમિક શિક્ષક પ્રશિક્ષણ અભ્યાસક્રમનું પુનઃગઠન ઈ.સ. 2014માં કરી તેનું નવું નામાભિધાન ડી.એલ.એડ્. (D.El.Ed.) રાખવામાં આવેલ છે. નવા અભ્યાસક્રમમાં ક્ષમતાઓને બદલે અધ્યયન નિષ્પત્તિઓ(Learning Outcomes)ને સ્થાન આપવામાં આવેલ છે.

ડૉ. રવીન્દ્રભાઈ દવે સાહેબના અધ્યક્ષપણા હેઠળ રચવામાં આવેલ અભ્યાસક્રમ સમિતિ અને ડી.એલ.એડ્. કોર ટીમના માર્ગદર્શનને અંતે ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમનું ઘડતર કરવામાં આવેલ છે.

આ બે વર્ષીય ડી.એલ.એડ્. અભ્યાસક્રમ ત્રણ વિભાગોમાં વિભાજિત છે. જેના પ્રથમ વિભાગમાં સાત અધ્યયન ક્ષેત્રો, બીજા વિભાગમાં પાંચ કાર્ય કૌશલ્ય ક્ષેત્રો અને ત્રીજા વિભાગમાં પાંચ પ્રતિબદ્ધતા ક્ષેત્રો સમાવિષ્ટ છે. જેને ચાર સિમેસ્ટરમાં સુગ્રથિત કરવામાં આવેલ છે.

આ વર્તમાન ડી.એલ.એડ્. (D.El.Ed.) અભ્યાસક્રમને અનુલક્ષીને તૈયાર થયેલ મૉડ્યૂલની સંરચનામાં જીસીઇઆરટી-ગાંધીનગર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનો, અધ્યાપન મંદિરો અને વિષય તજજ્ઞશ્રીઓ તેમજ સમીક્ષકશ્રીઓનો સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત, UNICEF નો પણ આર્થિક તેમજ શૈક્ષણિક સહયોગ પ્રાપ્ત થયો છે. પ્રસ્તુત અભ્યાસક્રમ ડી.એલ.એડ્. (D.El.Ed.) પ્રશિક્ષણાર્થીઓને ઉપયોગી બનશે તેવી શ્રદ્ધા છે.

આ મૉડ્યૂલ ક્ષતિરહિત બને તે માટે જીસીઇઆરટી દ્વારા પૂરતી કાળજી લેવામાં આવી છે. આમ છતાં તેની ગુણવત્તા વધારે તેવાં સૂચનો જીસીઇઆરટી સદાય આવકારે છે.

સભ્ય સચિવ<br>ડી.એલ.એડ્. અભ્યાસક્રમ સમિતિ<br>જીસીઇઆરટી, ગાંધીનગર

નિયામક<br>જીસીઇઆરટી,<br>ગાંધીનગર

# અનુક્રમણિકા


| ક્રમ | એકમ | પાના નં. |
|---|---|---|
| 1 | પ્રસ્તાવના | 1 |
| 2 | શાળા ઇન્ટર્નશિપની સંકલ્પના | 2 |
| 3 | શાળા ઇન્ટર્નશિપના હેતુ | 3 |
| 4 | શાળા ઇન્ટર્નશિપની જરૂરિયાત | 4 |
| 5 | શાળા ઇન્ટર્નશિપથી થતા ફાયદા | 4 |
| 6 | ઇન્ટર્નશિપ માટે ધ્યાનમાં રાખવાની બાબત | 6 |
| 7 | શાળા ઇન્ટર્નશિપ | 9 |
| 8 | શાળા ઇન્ટર્નશિપ દરમિયાન કરવાની પ્રવૃત્તિ | 14 |
| 9 | શાળા ઇન્ટર્નશિપનું પરિરૂપ | 15 |
| 10 | શાળા ઇન્ટર્નશિપના વ્યક્તિગત મૂલ્યાંકનપત્રક | 17 |
| 11 | શાળા ઇન્ટર્નશિપના મૂલ્યાંકનપત્રક | 20 |
| 12 | શાળા ઇન્ટર્નશિપના અન્ય પત્રક | 24 |
| | સંદર્ભ–સૂચિ | |

# 1.0 પ્રસ્તાવના

શિક્ષણ વિના મનુષ્યનો વિકાસ થતો નથી. મનુષ્ય શાળા મહાશાળાઓ દ્વારા ઔપચારિક શિક્ષણ મેળવે છે તથા કેટલુંક શિક્ષણ અનૌપચારિક અને અવૈધિક રીતે પણ પ્રાપ્ત કરે છે. વર્તમાન સમયમાં પ્રાથમિક શિક્ષણને વધુ ગુણવત્તાસભર બનાવવા માટે  શિક્ષક પ્રશિક્ષણ વધુ ગુણવત્તાયુક્ત અને સઘન બને તે આવશ્યક છે. આ માટે પૂર્વ સેવાકાલીન શિક્ષક પ્રશિક્ષણને વધુ અસરકારક અને સંગીન કરવા તેના કાર્યક્રમોમાં પ્રાયોગિક શિક્ષણને વધુ મહત્વ આપવું જોઈએ. પ્રવર્તમાન અભ્યાસક્રમ મારફતે પ્રશિક્ષણાર્થીઓને પ્રશિક્ષણ આપીને શિક્ષક તરીકેની લાયકાતનું પ્રમાણપત્ર અપાય છે. પરંતુ પ્રશિક્ષણના કાર્યક્રમ મારફત પ્રશિક્ષણાર્થીઓમાં અધ્યયન-અધ્યાપન માટે વિવિધ ક્ષમતાઓ પારંગતતાના સ્તરે સિદ્ધ થાય, વ્યાવસાયિક કાર્ય કૌશલ્યો વિકસે તથા તેઓમાં વ્યાવસાયિક પ્રતિબદ્ધતા કેળવાય અને આત્મવિશ્વાસ વધે એ દ્રષ્ટિએ શાળા ઇન્ટર્નશિપ જરૂરી છે.

વ્યાવસાયિક શિક્ષણ માટે પ્રત્યક્ષ તાલીમ લેનાર જ પોતાના ક્ષેત્રમાં સારું કામ કરી શકે. શિક્ષણક્ષેત્ર પણ આમાં અપવાદ નથી. તબીબી અને ઇજનેરી વિદ્યાશાખામાં તેમજ આઇટીઆઇ જેવી ટેકનિકલ શાખાઓમાં પ્રત્યક્ષ કાર્ય માટે ઇન્ટર્નશિપની જોગવાઈ કરેલ છે. પ્રાથમિક અધ્યાપન મંદિરોમાં બે વર્ષના તાલીમગાળા દરિમયાન ઇન્ટર્નશિપ ગોઠવી પ્રશિક્ષણાર્થીઓને વધુ શાળાકીય અનુભવ આપવામાં આવે, તો તેઓમાં શિક્ષક તરીકેનો આત્મવિશ્વાસ ઊભો કરી શકાય અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે સમર્થ બનાવી શકાય. વળી, એનસીટીઇ અને યુજીસી બંનેએ ભલામણ કરી છે કે, શાળા ઇન્ટર્નશિપને અભ્યાસનો ભાગ બનાવી પ્રાથમિક અધ્યાપન મંદિરના પાઠયક્રમમાં મૂકવો જોઈએ.

શાળા ઇન્ટર્નશિપનો મુખ્ય હેતુ પ્રશિક્ષણાર્થીઓને શિક્ષક તરીકેનો વાસ્તવિક અનુભવ પૂરો પાડવાનો છે. શાળા ઇન્ટર્નશિપનો હેતુ શાળા અને તાલીમી સંસ્થા વચ્ચે પ્રશિક્ષણની સહિયારી સહભાગીદારી સ્થાપવાનો છે. પ્રશિક્ષણાર્થી શાળામાં નિયમિત શિક્ષક તરીકેની ભૂમિકા ભજવે અને વધુમાં વધુ શાળામાં રહીને સઘન અનુભવો મેળવી શકે તે રીતે શાળા ઇન્ટર્નશિપનું માળખું રચાવું જોઈએ. પ્રવર્તમાન ઇન્ટર્નશિપમાં અગાઉ આયોજન અને અમલીકરણ માટે બંને વર્ષના મળીને કુલ 20 દિવસનો સમયગાળો છે. અનુભવે જણાયું છે કે, એક શિક્ષક તરીકેની સમગ્રતયા વ્યાવસાયિક સજ્જતા માટે આ સમયગાળો ઓછો છે. તેથી આયોજનબદ્ધ ઇન્ટર્નશિપ માટે પૂરતો સમયગાળો હોવો અનિવાર્ય છે. ઉપરાંત, કેન્દ્ર સરકારના માનવ સંશાધન અને વિકાસ મંત્રાલયના NCTE(ભારત સરકાર)દ્વારા બહાર પાડવામાં આવેલ તા.28-11-14ના ગેઝેટ નોટિફીકેશનમા ડી. એલ. એડ.

અભ્યાસક્રમમા શાળા ઇન્ટર્નશિપનો સમયગાળો 20 (વીસ) અઠવાડિયાનો કરવા જણાવવામાં આવેલ છે.

ડિપ્લોમા ઇન એલિમેન્ટરી એજ્યુકેશન (D. El. Ed.) અભ્યાસક્રમના બંને વર્ષમાં ઇન્ટર્નશિપ સમાવિષ્ટ હશે. તેમ છતાં, પ્રત્યેક વર્ષમાં ઇન્ટર્નશિપ પ્રશિક્ષણની જુદી જુદી બાબતો તરફ કેન્દ્રિત હશે. પ્રથમ વર્ષે પ્રશિક્ષણાર્થીઓને શાળા તરફ અભિમુખ કરવાનો ઉપક્રમ રાખવામાં આવેલ છે. જેમાં તે શાળાના ભાવાવરણથી પરિચિત થશે, બાળકો અંગેની સમજ કેળવશે અને અધ્યયન અધ્યાપન પ્રક્રિયા અંગેની પાયાની સંકલ્પનાઓ તેમજ ક્ષમતાઓથી પરિચિત થશે. જયારે દ્વિતીય વર્ષે પ્રશિક્ષણાર્થી શાળામાં પોતાના વિષય નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવી એક નિયમિત શિક્ષક તરીકે અધ્યયન અધ્યાપન પ્રક્રિયાની સમજ મેળવશે.

પ્રશિક્ષણાર્થીઓ પોતાના વર્ગખંડમાં જે સૈદ્ધાંતિક બાબતો શીખે છે તેનો પ્રત્યક્ષ અને વ્યાવહારિક અનુભવ ઇન્ટર્નશિપ દરમિયાન વર્ગખંડ અધ્યાપન દરમિયાન મેળવે છે. આ ઉપરાંત તેઓ શાળામાં સતત રહેતા હોવાથી શાળા સંચાલનની વિવિધ બાબતોનો પણ પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત કરે છે. ઇન્ટર્નશિપ સૈદ્ધાંતિક શિક્ષણકાર્ય અને વાસ્તવિક જેવા અનુભવો પૂરા પાડવા વચ્ચેની ખાઈ પૂરીને વર્ગશિક્ષણકાર્ય અને શાળા સંચાલનની પૂરતી તકો પૂરી પાડે છે. પ્રસ્તુત ઇન્ટર્નશિપનું સમગ્ર આયોજન ક્ષેત્રીય અનુભવો પર આધારિત હશે. જેથી શિક્ષક તરીકેના ખરેખરા અનુભવો અને પ્રશ્નોની સમજ પ્રશિક્ષણાર્થીઓ મેળવશે.

## 2.0 શાળા ઇન્ટર્નશિપની સંકલ્પના

પ્રશિક્ષણાર્થી પોતાની વ્યાવસાયિક ફરજ સંતોષકારક રીતે બજાવી શકે, તે માટેનાં આવશ્યક કૌશલ્યો અને આત્મવિશ્વાસ પ્રાપ્ત કરી શકે એ માટે વાસ્તવિક પરિસ્થિતિમાં નક્કર કાર્યાનુભવો આપવા માટેની વ્યવસ્થાને ઇન્ટર્નશિપ કહેવામાં આવે છે.

બીજા શબ્દોમાં કહીએ તો, પ્રાથમિક અધ્યાપન મંદિરમાં તાલીમ લઈ તૈયાર થતા શિક્ષકોને વધુ સઘન શાળાકીય અનુભવો પૂરા પાડવાનો કાર્યક્રમ એટલે ઇન્ટર્નશિપ.

પૂર્વ સેવાકાલીન અભ્યાસ દરમિયાન તાલીમના ક્ષેત્રિય અનુભવ દ્વારા વ્યક્તિ ભવિષ્યમાં જે વ્યવસાયમાં જોડાવાની છે તેને લગતી સંસ્થાકીય બાબતોનો સંપૂર્ણ ખ્યાલ મેળવે છે, ત્યારબાદ તે પોતાની વ્યાવસાયિક ફરજમાં સુસજ્જ બનીને જોડાય છે.

આમ, ઇન્ટર્નશિપનો અર્થ માત્ર પ્રાયોગિક શિક્ષણ નથી. ઇન્ટર્નશિપ ફક્ત વર્ગશિક્ષણ પૂરતો પણ મર્યાદિત કાર્યક્રમ નથી, પરંતુ તેમાં સઘન શિક્ષણકાર્યની સાથોસાથ પ્રાર્થના-સંમેલન, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, સંસ્થાકીય વહીવટીકાર્ય, વાલી/સમાજ સહયોગની પ્રવૃત્તિઓ, ક્રિયાત્મક સંશોધન, સર્વેક્ષણ તથા પ્રાયોગિક ધોરણે મેળવવા જેવી તમામ બાબતોનો સમાવેશ થાય છે.

આથી કહી શકાય કે, ઇન્ટર્નશિપ એટલે શિક્ષકના વ્યવસાયમાં જોડાતા પહેલાં આપવામાં આવતો પ્રત્યક્ષ શાળાકીય અનુભવ.

## 3.0 શાળા ઇન્ટર્નશિપના હેતુ

પ્રાથમિક કક્ષાએ શાળા ઇન્ટર્નશિપના હેતુઓ નીચે મુજબ છેઃ

પ્રશિક્ષણાર્થી...

1. પૂર્વ પ્રાથમિક સંસ્થા (બાલમંદિર, બાલવાડી, આંગણવાડી, પ્લે હાઉસ વગેરે) ની મુલાકાત કરી સંસ્થાની પ્રવૃત્તિઓ જાણે તથા ઉપયોગમાં લેવાતા સાહિત્ય/સામગ્રીનો પરિચય મેળવે.
2. વિશિષ્ટ શાળા/સંસ્થાની મુલાકાત લઇ સંસ્થાની વિશેષતાઓ જાણે.
3. પ્રાથમિક શાળામાં અધ્યયન  અધ્યાપન પ્રક્રિયાનું વ્યવસ્થિત અવલોકન કરે.
4. શાળામાં સૈદ્ધાંતિક જ્ઞાનને પ્રત્યક્ષ રજૂ કરવાનો અનુભવ પ્રાપ્ત કરે.
5. શાળા પર્યાવરણના શૈક્ષણિક માળખાથી પરિચિત થાય.
6. શિક્ષક તરીકે શાળામાં વહીવટીકાર્ય કરવાનો પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત કરે.
7. પ્રાથમિક શિક્ષણનાં બધાં જ ધોરણોના તમામ વિષયોનું શિક્ષણકાર્ય કરવાનું કૌશલ્ય પ્રાપ્ત કરે.
8. ઉચ્ચ સ્તરનાં વ્યવસ્થાપન કૌશલ્યો જેવાં કે સ્વાસ્થ્ય વ્યવસ્થાપન, તણાવ વ્યવસ્થાપન, સમય વ્યવસ્થાપન, આર્થિક વ્યવસ્થાપન અને પર્યાવરણીય વ્યવસ્થાપનની સંકલ્પના સમજી વ્યવહારમાં અમલ કરે.
9. શાળાકક્ષાએ વર્ગ કાર્યકૌશલ્ય, શાળા બહારની શૈક્ષણિક પ્રવૃત્તિઓના સંચાલનનું કૌશલ્ય, માતા-પિતા અને વાલી સાથે સંબંધો સ્થાપવાનું કૌશલ્ય તથા સ્થાનિક સમાજ સાથે વ્યવહારનું કૌશલ્ય કેળવવાનો અનુભવ મેળવે.
10. પ્રાર્થના-સંમેલન, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું સંચાલન વગેરે દ્વારા આત્મવિશ્વાસ અને પ્રતિબદ્ધતા કેળવે.

11. શાળામાં કરવાની સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવવાનો અને તેનું સંચાલન કરવાનો અનુભવ મેળવે.
12. પ્રાથમિક શિક્ષક તરીકે શાળાની કાર્યપદ્ધતિ જાણે.
13. કોઈ એક વર્ગના વર્ગશિક્ષક તરીકે પોતાની ભૂમિકાનો પ્રત્યક્ષ અનુભવ મેળવે.
14. વર્ગખંડની સમસ્યાઓને ઓળખે અને તેને વૈજ્ઞાનિક ઢબે ઉકેલવા માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરે.
15. શાળા વ્યવસ્થાપન સમિતિ(SMC)ની કામગીરીથી પરિચિત થાય.
16. પ્રાથમિક શિક્ષણ સંબંધિત સરકારી યોજનાઓથી પરિચિત થાય.
17. શાળાના પર્યાવરણનો એક ભાગ બનીને તેને બરાબર સમજે અને શિક્ષક તરીકેનો આત્મવિશ્વાસ કેળવે.
18. શીખવવાના વિભિન્ન અભિગમને અમલમાં મૂકે.
19. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકનનો અમલ સમજે.

# 4.0 શાળા ઇન્ટર્નશિપની જરૂરિયાત

શિક્ષકનું કાર્ય ફક્ત અધ્યાપનનું નથી. કેટલીક મનોવૈજ્ઞાનિક તરકીબો, પ્રવિધિઓની યોગ્ય સમજ અને તેનું અધ્યાપનમાં અમલીકરણ વિદ્યાર્થીઓમાં અધ્યયન પ્રત્યેનો રસ તથા આત્મીયતા જગાવે છે. આજે વાલીઓ પણ પોતાના બાળકોના વિકાસમાં શિક્ષકના પ્રદાનની ઊંચી અપેક્ષા રાખે છે. આ પરિવર્તન શિક્ષકને વ્યાવસાયિક રીતે સુસજ્જ થવા ફરજ પાડે છે. ઇન્ટર્નશિપ દરમિયાન દરેક પ્રશિક્ષણાર્થી જે-તે શાળામાં પૂરા સમયના શિક્ષક તરીકે હાજર રહીને શિક્ષકે કરવાનાં બધાં જ કાર્યોના પ્રત્યક્ષ અનુભવ મેળવીને વ્યાવસાયિક સજ્જતા પ્રાપ્ત કરે છે.

પ્રશિક્ષણાર્થીઓ બે વર્ષના સમયગાળા દરમિયાન શિક્ષણમાં સમાજ, વાલી, વિદ્યાર્થી અને શિક્ષકના આંતરસંબંધો વિશે સૈદ્ધાંતિક બાબતો શીખે છે. આ ઉપરાંત, પોતે શીખેલી આ સૈદ્ધાંતિક બાબતોનો પ્રત્યક્ષ અનુભવ કરવાની તક તેને ઇન્ટર્નશિપ દરમિયાન મળે છે.

# 5.0 શાળા ઇન્ટર્નશિપથી થતા ફાયદા

વ્યાવસાયિક શિક્ષણ માટે પ્રત્યક્ષ તાલીમ લેનાર જ પોતાના ક્ષેત્રમાં સારું કામ કરી શકે છે તેવો સૌનો અનુભવ છે. શિક્ષણક્ષેત્ર પણ આમાં અપવાદ નથી. પ્રાથમિક અધ્યાપનમંદિર કક્ષાએ ઇન્ટર્નશિપના અપેક્ષિત ફાયદાઓ નીચે મુજબ છેઃ

## 5.1 પ્રશિક્ષણાર્થીઓને થતા ફાયદા

**પ્રશિક્ષણાર્થીઓ....**

1. શૈક્ષણિક પ્રક્રિયાને વૈવિધ્યસભર બનાવતા થશે.
2. વ્યાવસાયિક ક્ષમતા, કાર્યકૌશલ્ય અને પ્રતિબદ્ધતા કેળવતા થશે.
3. વિવિધ પદ્ધતિ અને પ્રયુક્તિઓનો વ્યવહારમાં ઉપયોગ કરતા થશે.
4. બાળકો સાથે વિવિધ પ્રવૃત્તિઓ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરશે.
5. સઘન શિક્ષણકાર્યનો અનુભવ મળવાને લીધે શિક્ષક તરીકેનો આત્મવિશ્વાસ કેળવશે.
6. શૈક્ષણિક અને વ્યવસ્થાપકીય તાલીમ વાસ્તવિક પરિસ્થિતિમાં પ્રાપ્ત કરશે.
7. વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબ શિક્ષણકાર્ય કરી શકશે.
8. વાલી અને સમાજ સાથે લોકભાગીદારી વધારવાની અગત્યની ભૂમિકા ભજવવા તૈયાર થશે.
9. વર્ગખંડમાં ઊભી થતી સમસ્યાના ઉકેલ માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરતા થશે.
10. શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન કરતા થશે.
11. પ્રાથમિક શિક્ષણને સમગ્રતયા સમજતા થશે.

## 5.2 શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાઓને થતા ફાયદા

**શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાઓ....**

1. પ્રશિક્ષણાર્થીને પડતી મુશ્કેલીઓના આધારે તેને સતત માર્ગદર્શન આપી શકશે.
2. પ્રાથમિક શાળાઓ વિશેનો સર્વગ્રાહી ખ્યાલ મેળવી શકશે.
3. શાળાકીય સ્તરે યોજાતી વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંગેની જાણકારી મેળવી શકશે.
4. સમાજ સાથેની આંતરક્રિયાનો પ્રત્યક્ષ અનુભવ કરી શકશે.
5. શિક્ષણક્ષેત્રે આવતાં નવાં પરિવર્તનો શાળા સુધી પહોંચાડી શકશે.
6. વાલી/સમાજનો સહયોગ અને સામાજિક સંસ્થાઓ સાથે વ્યવહારસંબંધી પ્રત્યક્ષ અનુભવ આપી શકશે.
7. સ્વ-મૂલ્યાંકન દ્વારા સતત સુધારણાના પ્રયત્નો હાથ ધરી શકશે.
8. ઉત્તમ આયોજન અને સંચાલન દ્વારા સમાજમાં સ્વીકૃતિ મેળવી શકશે.
9. સક્ષમ અને પ્રતિબદ્ધ શિક્ષક તૈયાર કરી શકશે.

## 5.3 પ્રાથમિક શાળાને થતા ફાયદા

**પ્રાથમિક શાળાઓ...**

1. શિક્ષણના નવા પ્રવાહો અને પદ્ધતિથી વાકેફ થશે.
2. બાળકોને નવી નવી જાણકારી પ્રાપ્ત થશે.
3. વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા શાળાના ભાવાવરણમાં જીવંતતા લાવી શકાશે.
4. શાળાની સમાજ સાથેની સામેલગીરી વધારી શકાશે.
5. પ્રશિક્ષણ સંસ્થાઓના વિશિષ્ટ જ્ઞાનનો લાભ લઈ શાળાને વધુ ગુણવત્તાવાળી બનાવી શકાશે.
6. શાળાના કાર્યક્રમોમાં વિવિધતા લાવી શકાશે.

# 6.0 ઇન્ટર્નશિપ માટે ધ્યાનમાં રાખવાની બાબતો

શાળા ઇન્ટર્નશિપના અમલીકરણ માટે નીચેની બાબતો ખાસ ધ્યાનમાં રાખવી જરૂરી છેઃ

1. ઇન્ટર્નશિપ દરમિયાન બધાં જ સિમેસ્ટરમાં ધોરણ 1થી 8ની શાળાઓ પસંદ કરવી.
2. સળંગ શાળા ઇન્ટર્નશિપ સિવાય પ્રથમ અને તૃતીય સિમેસ્ટરની શાળા ઇન્ટર્નશિપ તથા દ્વિતીય અને ચતુર્થ સિમેસ્ટરની શાળા ઇન્ટર્નશિપ સમાંતર ચાલશે.
3. પ્રથમ સિમેસ્ટરમાં પ્રથમ 6 દિવસો માટે ડાયટ/અધ્યાપન મંદિર જે જિલ્લામાં આવેલ હોય તે વિસ્તારની પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપતી શાળાની પસંદગી કરવી.
4. પ્રથમ સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓ ધોરણ 1થી 8 ના શિક્ષકો/તૃતીય સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓના તાસનું અવલોકન કરશે.
5. પ્રથમ સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓ વિશિષ્ટ શાળા/સંસ્થાની મુલાકાત લઇ તેનો અહેવાલ તૈયાર કરશે.
6. ઇન્ટર્નશિપ દરમિયાન દ્વિતીય સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓ ધોરણ 1થી 5ના ભાષા અને ગણિતના 2 – 2 સાદા પાઠ અને પર્યાવરણનો 1 સાદો પાઠ મળીને કુલ 05 સાદા પાઠનું આયોજન તથા અધ્યાપનકાર્ય  કરશે.
7. ઇન્ટર્નશિપ દરમિયાન તૃતિય સિમેસ્ટરના બંને તબક્કા દરમિયાન પ્રશિક્ષણાર્થીઓ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત ધોરણ 6થી 8ના ગુજરાતી, ગણિત, સામાજિક વિજ્ઞાન, શારીરિક શિક્ષણ અને ચિત્ર ના 1 – 1 સાદા પાઠ મળીને કુલ 05 સાદા પાઠનું આયોજન અને અધ્યાપનકાર્ય કરશે.

8. ઇન્ટર્નશિપ દરમિયાન ચતુર્થ સિમેસ્ટરના બંને તબક્કા દરમિયાન પ્રશિક્ષણાર્થીઓ શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત ધોરણ 6થી 8ના વિજ્ઞાન અને ટેકનોલોજી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, સંગીતના 1 - 1 સાદા પાઠ મળીને કુલ 05 સાદા પાઠનું આયોજન અને અધ્યાપનકાર્ય કરશે.
9. આ ઉપરાંત તૃતીય સિમેસ્ટરમાં 36 (18 + 18) દિવસના સળંગ શાળા ઇન્ટર્નશિપ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓ ક્રિયાત્મક સંશોધન/વ્યક્તિ અભ્યાસ (01) અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત ધોરણ 6થી 8ના ગુજરાતી, ગણિત અને સામાજિક વિજ્ઞાનના 1 – 1 એકમ પાઠ મળીને કુલ 03 એકમ પાઠનું આયોજન અને અધ્યાપનકાર્ય કરશે.
10. આ ઉપરાંત ચતુર્થ સિમેસ્ટરમાં 36 (18 + 18) દિવસના સળંગ શાળા ઇન્ટર્નશિપ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓ ક્રિયાત્મક સંશોધન/પ્રોજેક્ટ/સર્વેક્ષણ (01) અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત ધોરણ 6થી 8ના વિજ્ઞાન અને ટેકનોલોજી, અંગ્રેજી અને હિન્દી/સંસ્કૃતના 1 – 1 એકમ પાઠ મળીને કુલ 03 એકમ પાઠનું આયોજન અને અધ્યાપનકાર્ય કરશે.
11. પ્રશિક્ષણાર્થીઓએ તૃતીય અને ચતુર્થ સિમેસ્ટરમાંથી કોઇપણ એક સિમેસ્ટરમાં સળંગ શાળા ઇન્ટર્નશિપ દરમિયાન એક (01) ક્રિયાત્મક સંશોધન અવશ્ય હાથ ધરવાનું રહેશે.
12. ડી. એલ. એડ્. સંસ્થાઓએ ઇન્ટર્નશિપનું આયોજન જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના સંકલનમાં રહીને કરવાનું રહેશે તેમજ શાળા ઇન્ટર્નશિપ પૂર્ણ થયે તેનો અહેવાલ જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને આપવાનો રહેશે.
13. શાળાની પસંદગી માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી, જિલ્લા અને તાલુકાના અન્ય અધિકારીશ્રીઓ, કેળવણી નિરીક્ષકશ્રીઓ, આચાર્યશ્રીઓ, બીઆરસી કો-ઑર્ડિનેટરશ્રી, સીઆરસી કો-ઑર્ડિનેટરશ્રી તથા શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યશ્રીઓ વગેરેનો સહકાર લઈ શકાય.
14. શાળાદીઠ પ્રશિક્ષણાર્થીઓની સંખ્યા સંસ્થાની અનુકૂળતા અનુસાર રાખવી.

## ઉપરની વિગતો નીચેના કોષ્ટકમાં દર્શાવેલ છે.

| સિમેસ્ટર | પ્રથમ સત્ર | દ્વિતીય સત્ર | તૃતીય સત્ર | ચતુર્થ સત્ર |
|---|---|---|---|---|
| પહેલો તબક્કો (06 દિવસ) | અવલોકન, શાળા તત્પરતા પ્રવૃત્તિઓ,<br><br>વિશિષ્ટ સંસ્થા મુલાકાત અને અહેવાલ<br><br>(પૂર્વ પ્રાથમિક શાળામાં) | શૈક્ષણિક સાધન સામગ્રી અને સાહિત્ય નિર્માણ,<br><br>અધ્યાપનકાર્ય બાળકોની પ્રોફાઇલ અને અહેવાલ<br><br>(ધો. 1 થી 5 દ્વિતીય સત્ર) | શાળામાં આયોજન અને અધ્યાપનકાર્ય અને અહેવાલ<br><br>(ધોરણ 6થી 8 પ્રથમ સત્ર) | શાળામાં આયોજન અને અધ્યાપનકાર્ય અને અહેવાલ<br><br>(ધોરણ 6થી 8 દ્વિતીય સત્ર) |
| બીજો તબક્કો (06 દિવસ) | પ્રવૃત્તિઓ, અવલોકન, સાહિત્ય/ સામગ્રી નિર્માણ, સમીક્ષા<br><br>તથા ઇન્ટર્નશિપ અહેવાલ<br><br>(ધો. 1 થી 8 પ્રથમ સત્ર) | શૈક્ષણિક સાધન સામગ્રી અને સાહિત્ય નિર્માણ,<br><br>અધ્યાપનકાર્ય બાળકોની પ્રોફાઇલ, અને અહેવાલ<br><br>(ધો. 1 થી 5 દ્વિતીય સત્ર) | શાળામાં આયોજન અને અધ્યાપનકાર્ય અને અહેવાલ<br><br>(ધોરણ 6થી 8 પ્રથમ સત્ર) | શાળામાં આયોજન અને અધ્યાપનકાર્ય અને અહેવાલ<br><br>(ધોરણ 6થી 8 દ્વિતીય સત્ર) |
| ત્રીજો તબક્કો (18 + 18 = 36 દિવસ) | -- | -- | સળંગ શાળા ઇન્ટર્નશિપ કાર્યક્રમ<br><br>(આયોજન, અધ્યાપનકાર્ય,<br><br>ક્રિયાત્મક સંશોધન/વ્યક્તિ અભ્યાસ અને અહેવાલ) | સળંગ શાળા ઇન્ટર્નશિપ કાર્યક્રમ<br><br>(આયોજન, અધ્યાપનકાર્ય,<br><br>ક્રિયાત્મક સંશોધન/પ્રોજેક્ટ/સર્વેક્ષણ અને અહેવાલ) |
| કુલ અઠવાડિયા | 2 | 2 | 8 | 8 |

# 7.0 શાળા ઇન્ટર્નશિપ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા પ્રાથમિક અધ્યાપનમંદિર દ્વારા શાળા ઇન્ટર્નશિપને અમલમાં મૂકવામાં આવે ત્યારે એકસૂત્રતા જળવાય માટે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવીઃ

<u>નોંધઃ</u> દરેક સિમેસ્ટરનું કાર્યઆયોજન સઘન બનાવવું. ઇન્ટર્નશિપની તારીખ, સ્થળ તથા વિષય ફાળવણી ત્રણ અઠવાડિયા અગાઉ નક્કી કરવાં. ઇન્ટર્નશિપની તૈયારી ત્રણ અઠવાડિયા અગાઉ શરૂ કરવી. અધ્યાપકે જે-તે વિષયના એકમ પાઠનું માર્ગદર્શન જે-તે વિષયના તાસમાં વ્યક્તિગત / જૂથમાં આપવું

## શાળા ઇન્ટર્નશિપ માટે દિવસોની સંખ્યાનું આયોજન

પ્રથમ અને દ્વિતીય સિમેસ્ટરમાં 4 અઠવાડિયા તથા તૃતીય અને ચતુર્થ સિમેસ્ટરમાં 16 અઠવાડિયા મળીને કુલ 20 અઠવાડિયાનું આયોજન કરવાનું રહેશે. જેની વિગતવાર માહિતી નીચે મુજબ છેઃ

**<u>પ્રથમ સિમેસ્ટર</u> – 2 અઠવાડિયા**

- પ્રથમ તબક્કાના 6 દિવસો દરમિયાન
  - બાલમંદિર, આંગણવાડી, પ્લે હાઉસ(નર્સરી)ની પૂર્ણ સમયની મુલાકાત ગોઠવવી. જેમાં તેઓ બાળકોની શાળા તત્પરતા પ્રવૃત્તિઓનું મનોવૈજ્ઞાનિક ઢબે અવલોકન કરશે અને વાર્તા, બાળગીત અને જોડકણાં જેવી પ્રવૃત્તિઓ બાળકોને કરાવશે..
  - ધો. 1 થી 8 ના શિક્ષકો/તૃતીય સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓના તાસનું અવલોકન કરશે.
  - વિશિષ્ટ સંસ્થા મુલાકાત ગોઠવવી અને તેનો અહેવાલ તૈયાર કરાવવો.
- દ્વિતીય તબક્કાના 6 દિવસો માટે નીચે મુજબ કાર્ય કરવું.
  - <u>આયોજનઃ 1 દિવસ</u> – આ એક દિવસ આયોજન માટેનો રહેશે. જેમાં પ્રશિક્ષણાર્થીઓ તૃતીય સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓ સાથે રહીને આયોજન કરશે.

- o <u>અમલીકરણઃ 4 દિવસ</u> –
  - આ ચાર દિવસ તૃતીય સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓ/શિક્ષકો સાથે સહાયક તરીકે કાર્ય કરશે.
  - પ્રાથમિક શાળામાં ધો. 1 થી 8 ના શિક્ષકો/પ્રશિક્ષણાર્થીના તાસનું અવલોકન કરવું અને બાળકોને પ્રવૃત્તિઓ કરાવવી અને તેનું અવલોકન કરવું.
  - સંદર્ભ સાહિત્યનું નિર્માણ કરશે અને પાઠ્યપુસ્તક / સાહિત્યની સમીક્ષા કરશે.
- o <u>સહચિંતનઃ 1 દિવસ</u> – આ એક દિવસ સંસ્થામાં પરત ફરે ત્યારે અગાઉ તૈયાર કરેલ 4 દિવસના કાર્ય માટેનું ચિંતન કરશે તથા અધ્યાપક અને સહપાઠી સાથે ચર્ચા-વિચારણા કરી પ્રતિપોષણ મેળવશે.

➢ પ્રથમ સિમેસ્ટરના બંને તબકકા દરમિયાન પ્રશિક્ષણાર્થીઓએ કુલ 15 શૈક્ષણિક તાસનું અવલોકન કરવાનું રહેશે.

**<u>દ્વિતીય સિમેસ્ટર</u> – 2 અઠવાડિયા**

➢ દ્વિતીય સિમેસ્ટરના બંને તબકકાના 6 દિવસો માટે નીચે મુજબ કાર્ય કરવું.

- o <u>આયોજનઃ 1 દિવસ</u> – આ એક દિવસ આયોજન માટેનો રહેશે. જેમાં પ્રશિક્ષણાર્થીઓ ચતુર્થ સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓની મદદથી આયોજન કરશે.
- o <u>અમલીકરણઃ 4 દિવસ</u> – આ ચાર દિવસ ચતુર્થ સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓ સાથે સહાયક તરીકે રહેવું તથા આયોજન અનુસાર અધ્યાપનકાર્ય કરાવવું.
- o <u>સહચિંતનઃ 1 દિવસ</u> – આ એક દિવસ સંસ્થામાં પરત ફરે ત્યારે અગાઉ તૈયાર કરેલ 4 દિવસના કાર્ય માટેનું ચિંતન કરશે તથા અધ્યાપક અને સહપાઠી સાથે ચર્ચા-વિચારણા કરી પ્રતિપોષણ મેળવશે.

➢ પ્રશિક્ષણાર્થીઓ દ્વિતીય સિમેસ્ટરમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ ઉપરાંત ધોરણ 1 થી 5ના ભાષા અને ગણિતના 2 – 2 સાદા પાઠ અને પર્યાવરણનો 1 સાદો પાઠ મળીને કુલ 05 સાદા પાઠનું આયોજન અને અધ્યાપનકાર્ય કરશે. આ ઉપરાંત પ્રશિક્ષણાર્થીઓ શૈક્ષણિક સાહિત્ય/સાધન - સામગ્રીનું નિર્માણ કરશે તથા બાળકોની પ્રોફાઇલ બનાવશે.

**તૃતીય સિમેસ્ટર – 2 અઠવાડિયા**

- બંને તબક્કાના **6** દિવસો માટે નીચે મુજબ કાર્ય કરવું.
  - આયોજનઃ 1 દિવસ – આ એક દિવસ આયોજન માટેનો રહેશે. જેમાં પ્રશિક્ષણાર્થીઓ પ્રથમ સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓ સાથે રહીને આયોજન કરશે અને તેમને માર્ગદર્શન આપશે.
  - અમલીકરણઃ 4 દિવસ – આ ચાર દિવસ આયોજન મુજબ તૈયાર કરેલ શૈક્ષણિકકાર્ય તથા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરશે.
  - સહચિંતનઃ 1 દિવસ – આ એક દિવસ સંસ્થામાં પરત ફરે ત્યારે અગાઉ તૈયાર કરેલ 4 દિવસના કાર્ય માટેનું ચિંતન કરશે તથા અધ્યાપક અને સહપાઠી સાથે ચર્ચા-વિચારણા કરી પ્રતિપોષણ મેળવશે.
- આ તબક્કાઓ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓ ગુજરાતી, ગણિત, સામાજિક વિજ્ઞાન, શારીરિક શિક્ષણ તથા ચિત્રના 01 – 01 પાઠ એમ કુલ 05 સાદા પાઠ આપશે.
- આ ઉપરાંત પ્રશિક્ષણાર્થીઓ SMCના સભ્યો સાથે મુલાકાત કરશે, 100 ટકા નામાંકન અને સ્થાયીકરણ જેવા પ્રયાસોમાં સક્રિય રીતે જોડાશે.

**ચતુર્થ સિમેસ્ટર – 2 અઠવાડિયા**

- બંને તબક્કાના **6** દિવસો માટે નીચે મુજબ કાર્ય કરવું.
  - આયોજનઃ 1 દિવસ – આ એક દિવસ આયોજન માટેનો રહેશે. જેમાં પ્રશિક્ષણાર્થીઓ પ્રથમ સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓ સાથે રહીને આયોજન કરશે અને તેમને માર્ગદર્શન આપશે.
  - અમલીકરણઃ 4 દિવસ – આ ચાર દિવસ આયોજન મુજબ તૈયાર કરેલ શૈક્ષણિકકાર્ય તથા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરશે.
  - સહચિંતનઃ 1 દિવસ – આ એક દિવસ સંસ્થામાં પરત ફરે ત્યારે અગાઉ તૈયાર કરેલ 4 દિવસના કાર્ય માટેનું ચિંતન કરશે તથા અધ્યાપક અને સહપાઠી સાથે ચર્ચા-વિચારણા કરી પ્રતિપોષણ મેળવશે.
- આ તબક્કાઓ દરમિયાન પ્રશિક્ષણાર્થીઓ વિજ્ઞાન અને ટેકનોલોજી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત અને સંગીતના 01 – 01 પાઠ એમ કુલ 05 સાદા પાઠ આપશે

## <u>સળંગ શાળા ઇન્ટર્નશિપ કાર્યક્રમ</u>

સળંગ શાળા ઇન્ટર્નશિપ કાર્યક્રમનો સમાવેશ પણ ઇન્ટર્નશિપમાં થશે. **સળંગ શાળા** ઇન્ટર્નશિપ **કાર્યક્રમ** કુલ 12 અઠવાડિયાનો રહેશે. જેમાં તૃતીય સિમેસ્ટરમાં 36 દિવસ તથા ચતુર્થ સિમેસ્ટરમાં 36 દિવસ આ કાર્યક્રમ ચાલશે. આ કાર્યક્રમમાં પ્રશિક્ષણાર્થીઓએ શાળા ઇન્ટર્નશિપમાં કરવાની પ્રવૃત્તિઓમાં આપવામાં આવેલ પ્રવૃત્તિઓ કરવાની રહેશે. **સળંગ શાળા** ઇન્ટર્નશિપ **કાર્યક્રમ** માટે શાળાની પસંદગી કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવાની રહેશેઃ

1. પ્રથમ 18 દિવસ માટે પૂરતા શિક્ષકો અને ભૌતિક સુવિધા ધરાવતી શાળા/સંસ્થા - પ્રશિક્ષણાર્થીઓની અનુકૂળતા મુજબ શાળાની પસંદગી કરવી જોઇએ.
2. બાકીના 18 દિવસ માટે ઓછા શિક્ષક/ નિમ્ન ગ્રેડ ધરાવતી શાળા અથવા નિમ્ન સ્ત્રી સાક્ષરતાદર ધરાવતા ગામની શાળા પસંદ કરવી જોઇએ.

શાળા પસંદગીમાં વિવિધતા આપવાનો ઉદ્દેશ એ છે કે ભવિષ્યમાં શિક્ષક તરીકે કોઇપણ પ્રકારની શાળામાં કામ કરવા માટે પ્રશિક્ષણાર્થીને પૂરતા અનુભવો મળે અને તેની સજ્જતા કેળવાય. સળંગ શાળા ઇન્ટર્નશિપ કાર્યક્રમ દરમિયાન નીચે મુજબ કાર્ય કરવાનું રહેશે.

તૃતીય સત્ર - સળંગ શાળા ઇન્ટર્નશિપ કાર્યક્રમ (18 + 18 = 36)

- 18 – 18 દિવસના સળંગ શાળા ઇન્ટર્નશિપ કાર્યક્રમના બંને તબક્કાનું અયોજન નીચે મુજબ કરવાનું રહેશે.
    - <u>આયોજન 3 દિવસ</u> – આ ત્રણ દિવસ આયોજન માટેના રહેશે. જેમાં પ્રશિક્ષણાર્થીઓ એકમ પાઠ (ધોરણ 6 થી 8ના પ્રથમ સત્રના ગુજરાતી, ગણિત અને સામાજિક વિજ્ઞાનના 01 – 01 એકમ પાઠ એમ કુલ 03 એકમ પાઠ) તથા અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરશે.
    - <u>અમલીકરણ 12 દિવસ</u> – આ 12 દિવસો દરમિયાન આયોજન મુજબ કાર્ય કરશે.
    - <u>સહચિંતન 3 દિવસ</u> – આ ત્રણ દિવસો સંસ્થામાં પરત ફરે ત્યારે અગાઉ તૈયાર કરેલ 12 દિવસના કાર્ય માટેનું ચિંતન કરશે તથા અધ્યાપક અને સહપાઠી સાથે ચર્ચા-વિચારણા કરી પ્રતિપોષણ મેળવશે.

ચતુર્થ સત્ર - સળંગ શાળા ઇન્ટર્નશિપ કાર્યક્રમ (18 + 18 = 36)

- 18 – 18 દિવસના સળંગ શાળા ઇન્ટર્નશિપ કાર્યક્રમના બંને તબક્કાનું અયોજન નીચે મુજબ કરવાનું રહેશે.
  - આયોજન 3 દિવસ – આ ત્રણ દિવસ આયોજન માટેના રહેશે. જેમાં પ્રશિક્ષણાર્થીઓ એકમ પાઠ (ધોરણ 6 થી 8ના દ્વિતીય સત્રના વિજ્ઞાન અને ટેકનોલોજી, હિન્દી તથા અંગ્રેજી / સંસ્કૃતના 01 – 01 એકમ પાઠ એમ કુલ 03 એકમ પાઠ) તથા અન્ય પ્રવૃત્તિઓનું આયોજન કરશે.
  - અમલીકરણ 12 દિવસ – આ 12 દિવસો દરમિયાન આયોજન મુજબ કાર્ય કરશે.
  - સહચિંતન 3 દિવસ – આ ત્રણ દિવસો સંસ્થામાં પરત ફરે ત્યારે અગાઉ તૈયાર કરેલ 12 દિવસના કાર્ય માટેનું ચિંતન કરશે તથા અધ્યાપક અને સહપાઠી સાથે ચર્ચા-વિચારણા કરી પ્રતિપોષણ મેળવશે.

**નોંધઃ**

1. પ્રશિક્ષણાર્થીઓએ જે-તે સિમેસ્ટરના કોર્સ મુજબના એકમનું વ્યવસ્થિત આયોજન તથા શિક્ષણકાર્ય કરવું.
2. પ્રશિક્ષણાર્થીઓએ ઉપર્યુકત એકમ પાઠમાંથી કોઈ પણ એક પાઠ કમ્પ્યૂટરના માધ્યમથી આપવાનો રહેશે.
3. પરંપરાગત વર્ગશિક્ષણના બદલે જેમાં ક્ષેત્રીય મુલાકાત, વિશિષ્ટ પ્રોજેક્ટ, સર્વેક્ષણ વગેરે જેવી પદ્ધતિઓનો ઉપયોગ થતો હોય તેવો ઓછામાં ઓછો એક પાઠ વર્ગખંડની બહાર આપવાનો રહેશે.
4. પ્રશિક્ષણાર્થીઓએ તૃતીય અને ચતુર્થ સિમેસ્ટરમાંથી કોઇપણ એક સિમેસ્ટરમાં સળંગ શાળા ઇન્ટર્નશિપ દરમિયાન એક (01) ક્રિયાત્મક સંશોધન અવશ્ય હાથ ધરવાનું રહેશે.

# 8.0 શાળા ઇન્ટર્નશિપ દરમિયાન કરવાની પ્રવૃત્તિઓ

શાળા ઇન્ટર્નશિપ દરમિયાન કરવાની પ્રવૃત્તિઓની યાદી નીચે મુજબ છે.

| | |
|---|---|
| 1. | પૂર્વપ્રાથમિક તથા પ્રાથમિક શિક્ષણકાર્યનું નિરીક્ષણ |
| 2. | બાળગીત, બાળવાર્તા, જોડકણાં, અભિનયગીત, બાળરમત વગેરે જેવી પ્રવૃત્તિઓ અને તેનુ નિરીક્ષણ |
| 3. | બાળ સ્વાસ્થ્ય જાળવણી, હળવી કસરત જેવી પ્રવૃત્તિનું નિરીક્ષણ |
| 4. | વિશિષ્ટ શાળા / સંસ્થાની મુલાકાત |
| 5. | નામાંકન અને સ્થાયીકરણ |
| 6. | સામાજિક ચેતના જાગૃતિ માટેના કાર્યક્રમો |
| 7. | વાલી મુલાકાત |
| 8. | વિવિધ દિનની ઊજવણી |
| 9. | કન્યાકેળવણી પ્રોત્સાહન |
| 10. | સ્વાસ્થ્ય/જાળવણી/હળવી/કસરતો, યોગાસનો, આરોગ્યપ્રદ ટેવો |
| 11. | હસ્તાક્ષર સુધારણા કાર્યક્રમ |
| 12. | માતૃ સંમેલન |
| 13. | વિવિધ સ્થાનિક સંસ્થાઓની મુલાકાત (ગ્રામ પંચાયત, ડેરી, પોસ્ટ ઑફિસ,, રમતગમત સંકુલ વગેરે) |
| 14. | ઇકો ક્લબની પ્રવૃત્તિઓ |
| 15. | અંધશ્રદ્ધા નિવારણ કાર્યક્રમ |
| 16. | વિજ્ઞાન - ગણિત પ્રદર્શન આયોજન અને સંચાલન |
| 17. | જળબચાવ, ઊર્જાબચાવની પ્રવૃત્તિઓ |
| 18. | આપત્તિ વ્યવસ્થાપન – સ્વ-બચાવ અને પ્રાથમિક સારવારની પ્રવૃત્તિઓ |
| 19. | અધ્યયનક્ષેત્ર આધારિત પ્રોજેક્ટ કાર્ય |
| 20. | મૂલ્યશિક્ષણની પ્રવૃત્તિઓ |
| 21. | વ્યવસ્થાપકીય કાર્યનો પરિચય તથા દફતર જાળવણી |
| 22. | ગામનો વિશિષ્ટ પરિચય તથા તેનું સંક્ષિપ્ત લેખન |
| 23. | ગામની શૈક્ષણિક સમસ્યા પર ચર્ચાસત્ર |
| 24. | SMCનો જીવંત સંપર્ક |
| 25. | રમતોત્સવ આયોજન અને સંચાલન |
| 26. | મૌખિક/લેખિત અને ક્રિયાત્મક કસોટી |
| 27. | પરીક્ષાના પરિણામપત્રકો, પ્રગતિપત્રકો, ગ્રેડ સિસ્ટમ |

| | |
|---|---|
| 28. | શાળા વિકાસ યોજનાનો અભ્યાસ તથા અન્ય પત્રકો |
| 29. | મધ્યાહ્નન ભોજન યોજના – સંક્ષિપ્ત લેખન |
| 30. | બાળમેળાનું આયોજન તથા સંચાલન |
| 31. | વહીવટીપત્રો તેમજ પત્રકોની સમજ |
| 32. | શાળા અને વર્ગખંડ પુસ્તકાલય (વાચન પવૃત્તિ) |
| 33. | વ્યક્તિ અભ્યાસ |
| 34. | સર્વેક્ષણ આધારિત પ્રવૃત્તિ |
| 35. | અન્ય ... |

**નોંધઃ** (1) ડી. એલ. એડ્. અભ્યાસક્રમના વિવિધ કોર્સમાં આપવામાં આવેલ પ્રાયોગિક કાર્ય - પ્રવૃત્તિઓ, પ્રોજેક્ટ (પ્રકલ્પ), એસાઇનમેન્ટ વગેરે ઇન્ટર્નશિપ કાર્યક્રમના સમયગાળા દરમિયાન કરાવી શકાય.

(2) સંસ્થાએ પોતાની અનુકૂળતા મુજબ દરેક સત્રમાં ઉપરોક્ત પૈકી ઓછામાં ઓછી 05 (પાંચ) વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ કરાવવાની રહેશે. આ ઉપરાંત પ્રવૃત્તિઓ જેમ કે, પ્રાર્થના-સંમેલન, યોગ, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સફાઈ કામગીરી દરેક તબકકામાં કરાવવાની રહેશે.

# 9.0 શાળા ઇન્ટર્નશિપનું પરિરૂપ

## પ્રથમ સિમેસ્ટર

| સમયગાળો | અવલોકનકાર્ય | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ | ક્ષેત્રીય કાર્ય |
|---|---|---|---|
| સંસ્થાની અનુકૂળતા મુજબ | બાલવાડી, પૂર્વપ્રાથમિક શાળા, આંગણવાડીના શિક્ષકોના કાર્યનું અવલોકન અને તૃતીય સિમેસ્ટરના પ્રશિક્ષણાર્થીઓના પાઠનું અવલોકન | ઓછામાં ઓછી પાંચ પ્રવૃત્તિ | વિશિષ્ટ શાળા/ સંસ્થાની મુલાકાત |

## દ્વિતીય સિમેસ્ટર

| સમયગાળો | અધ્યાપનકાર્ય | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ | સંદર્ભ સાહિત્ય નિર્માણ | મૂલ્યાંકન |
|---|---|---|---|---|
| સંસ્થાની અનુકૂળતા મુજબ | સાદા પાઠનું આયોજન અને શિક્ષણકાર્ય | ઓછામાં ઓછી પાંચ પ્રવૃત્તિ | સંદર્ભ સાહિત્ય અને સામગ્રી નિર્માણ | દરેક વિદ્યાર્થીઓનું ઝીણવટભર્યું સર્વાંગી મૂલ્યાંકન |

## તૃતીય સિમેસ્ટર

| સમય-ગાળો | અધ્યાપન- કાર્ય | વહીવટીકાર્ય | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ | ક્રિયાત્મક સંશોધન/ વ્યક્તિ અભ્યાસ | મૂલ્યાંકન |
|---|---|---|---|---|---|
| સંસ્થાની અનુકૂળતા મુજબ | પ્રશિક્ષણાર્થીઓ એકમ પાઠ આપશે. | દફતરી નિરીક્ષણ, વહીવટી પત્રકો, નિરીક્ષણ તથા સમજ શાળા સંચાલન તથા વ્યવસ્થાપકીય કાર્ય વિશેની સમજ | દરેક સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અલગથી ઇન્ટર્નશિપ મૉડયૂલમાં દશાવેલ છે | પ્રશિક્ષણાર્થી ક્રિયાત્મક સંશોધન/ વ્યક્તિ અભ્યાસ કરશે. | દરેક વિદ્યાર્થીઓનું ઝીણવટભર્યું સર્વાંગી મૂલ્યાંકન |

## ચતુર્થ સિમેસ્ટર

| સમયગાળો | અધ્યાપન- કાર્ય | વહીવટીકાર્ય | સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ | ક્રિયાત્મક સંશોધન/ પ્રોજેક્ટ/ સર્વેક્ષણ | મૂલ્યાંકન |
|---|---|---|---|---|---|
| સંસ્થાની અનુકૂળતા મુજબ | વિષયલક્ષી અધ્યાપનકાર્ય એકમપાઠ આપશે | દફતરી નિરીક્ષણ, વહીવટી પત્રકોની સમજ, શાળા સંચાલન, શાળાનું અઠવાડિક સમયપત્રક, રચના તથા વહીવટીકાર્ય વિશેની સમજ | દરેક સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અલગથી ઇન્ટર્નશિપ મૉડયૂલમાં દશાવેલ છે | ક્રિયાત્મક સંશોધન/ પ્રોજેક્ટ/ સર્વેક્ષણ પૈકી એક પ્રવૃત્તિ | પૂર્વ કસોટી<br>ઉત્તર કસોટી<br>પરીક્ષાના પરિણામ પરથી ઉપચારાત્મક કાર્ય |

**નોંધઃ** મૂલ્યાંકનની કામગીરી માટે જીસીઇઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ સતત અને સર્વગ્રાહી મૂલ્યાંકન પત્રકોનો ઉપયોગ કરવાનો રહેશે.

# 10.0 શાળા ઇન્ટર્નશિપનાં વ્યક્તિગત મૂલ્યાંકન પત્રક

શાળા ઇન્ટર્નશિપના મૂલ્યાંકન માટે પ્રથમ અને દ્વિતીય સિમેસ્ટરમાં 50 - 50 ગુણ છે. જયારે તૃતીય અને ચતુર્થ સિમેસ્ટરમાં 100–100 ગુણ છે. ઇન્ટર્નશિપ દરમિયાન તેના ઘટકો અનુસાર પ્રશિક્ષણાર્થીઓએ કરેલી પ્રવૃત્તિઓ અને વર્ગ શિક્ષણકાર્યનું મૂલ્યાંકન ડાયટના પ્રાચાર્ય / અધ્યાપન મંદિરના આચાર્ય, ડાયટના વ્યાખ્યાતા / અધ્યાપનમંદિરના અધ્યાપક, શાળાના આચાર્ય અને શિક્ષક (કાઉન્સેલર) બધાં મળીને સિમેસ્ટર અનુસાર મૂલ્યાંકન કરશે.

## <u>પ્રથમ સિમેસ્ટર</u>

| ક્રમ | વિગત | ગુણ-ભાર | શિક્ષક / કાઉન્સેલર | શાળા આચાર્ય | અધ્યાપક અથવા વ્યાખ્યાતા | ડાયટ પ્રાચાર્ય/ અધ્યાપન મંદિરના આચાર્ય | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | પાઠ્યપુસ્તકો અને અધ્યયન સાહિત્યની સમીક્ષા | 10 | | | | | |
| 2. | સંદર્ભ સાહિત્યનું નિર્માણ | 10 | | | | | |
| 3. | બાળકો સાથે પ્રત્યાયન કરવું અને શિક્ષકોના તાસ / સહપાઠીના તાસનું/ પ્રવૃત્તિઓનું અવલોકન કરવું. | 10 | | | | | |
| 4. | વિશિષ્ટ શાળા / સંસ્થાની મુલાકાત લેવી અને તેનો અહેવાલ તૈયાર કરવો. | 10 | | | | | |
| 5 | ઇન્ટર્નશિપ અહેવાલ | 10 | | | | | |
| | કુલ ગુણ | 50 | | | | | |

## દ્વિતીય સિમેસ્ટર

| ક્રમ | વિગત | ગુણ-ભાર | શિક્ષક / કાઉન્સેલર | શાળા આચાર્ય | અધ્યાપક અથવા વ્યાખ્યાતા | ડાયટ પ્રાચાર્ય/ અધ્યાપન મંદિરના આચાર્ય | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | પ્રાથમિક શાળાના બાળકોની પ્રોફાઇલ તૈયાર કરવી | 05 | | | | | |
| 2. | પ્રાયોગિક શિક્ષણકાર્ય | 25 | | | | | |
| 3. | શૈક્ષણિક સાધન-સામગ્રી અને સાહિત્ય નિર્માણ | 10 | | | | | |
| 4. | ઇન્ટર્નશિપનો અહેવાલ | 10 | | | | | |
| | કુલ ગુણ | 50 | | | | | |

## તૃતીય સિમેસ્ટર

| ક્રમ | વિગત | ગુણ-ભાર | શિક્ષક / કાઉન્સેલર | શાળા આચાર્ય | અધ્યાપક અથવા વ્યાખ્યાતા | ડાયટ પ્રાચાર્ય/ અધ્યાપન મંદિરના આચાર્ય | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | સમગ્ર આયોજન | 20 | | | | | |
| 2. | પ્રાયોગિક શૈક્ષણિકકાર્ય | 40 | | | | | |
| 3. | ક્રિયાત્મક સંશોધન / વ્યક્તિ અભ્યાસ | 20 | | | | | |
| 4. | ઇન્ટર્નશિપ અહેવાલ | 20 | | | | | |
| | કુલ ગુણ | 100 | | | | | |

## ચતુર્થ સિમેસ્ટર

| ક્રમ | વિગત | ગુણ-ભાર | શિક્ષક / કાઉન્સેલર | શાળા આચાર્ય | અધ્યાપક અથવા વ્યાખ્યાતા | ડાયટ પ્રાચાર્ય/ અધ્યાપન મંદિરના આચાર્ય | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| 1. | સમગ્ર આયોજન | 20 | | | | | |
| 2. | પ્રાયોગિક શૈક્ષણિકકાર્ય | 40 | | | | | |
| 3. | ક્રિયાત્મક સંશોધન/ પ્રોજેક્ટ/સર્વેક્ષણ | 20 | | | | | |
| 4. | ઇન્ટર્નશિપ અહેવાલ | 20 | | | | | |
| | કુલ ગુણ | 100 | | | | | |

**નોંધ:** પ્રશિક્ષણાર્થીઓએ તૃતીય અને ચતુર્થ સિમેસ્ટરમાંથી કોઇપણ એક સિમેસ્ટરમાં સળંગ શાળા ઇન્ટર્નશિપ દરમિયાન એક (01) ક્રિયાત્મક સંશોધન અવશ્ય હાથ ધરવાનું રહેશે.

# 11.0 શાળા ઇન્ટર્નશિપનાં મૂલ્યાંકન પત્રક

## <u>પ્રથમ સિમેસ્ટર</u>

મૂલ્યાંકરકારનું નામ : ..........................................................................................

શાળાનું નામ : ..................................................... તારીખ : ............... થી તારીખ : ..............

| ક્રમ | પ્રશિક્ષણાર્થીનું નામ | પાઠ્યપુસ્તકો અને અધ્યયન સાહિત્યની સમીક્ષા | સંદર્ભ સાહિત્યનું નિર્માણ | બાળકો સાથે પ્રત્યાયન કરવું અને શિક્ષકોના તાસ / સહપાઠીના તાસનું/ પ્રવૃત્તિઓનું અવલોકન કરવું. | વિશિષ્ટ શાળા / સંસ્થાની મુલાકાત લેવી અને તેનો અહેવાલ તૈયાર કરવો. | ઇન્ટર્નશિપ અહેવાલ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| | ગુણભાર | 10 | 10 | 10 | 10 | 10 | 50 |
| 1 | | | | | | | |
| 2 | | | | | | | |
| 3 | | | | | | | |
| 4 | | | | | | | |

મૂલ્યાંકનકારનું નામ અને સહી : ..............................................................................

# દ્વિતીય સિમેસ્ટર

મૂલ્યાંકનકારનું નામ : .....................................................................................

શાળાનું નામ : .................................................... તારીખ : ............... થી તારીખ : ..............

| ક્રમ | પ્રશિક્ષણાર્થીનું નામ | બાળકોની પ્રોફાઇલ તૈયાર કરવી | પ્રાયોગિક શિક્ષણકાર્ય | શૈક્ષણિક સાધન-સામગ્રી અને સાહિત્ય નિર્માણ | સંપૂર્ણ ઇન્ટર્નશિપ અહેવાલ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| | ગુણભાર | 05 | 25 | 10 | 10 | 50 |
| 1 | | | | | | |
| 2 | | | | | | |
| 3 | | | | | | |
| 4 | | | | | | |

મૂલ્યાંકનકારનું નામ અને સહી : .........................................................................

# તૃતીય સિમેસ્ટર

મૂલ્યાંકનકારનું નામ : ......................................................................................

શાળાનું નામ : .................................................... તારીખ : ............... થી તારીખ : ..............

| ક્રમ | પ્રશિક્ષણાર્થીનું નામ | સમગ્ર આયોજન | પ્રાયોગિક શૈક્ષણિકકાર્ય | ઇન્ટર્નશિપ અહેવાલ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| | ગુણભાર | 10 | 20 | 10 | 40 |
| 1 | | | | | |
| 2 | | | | | |
| 3 | | | | | |
| 4 | | | | | |

મૂલ્યાંકનકારનું નામ અને સહી : ........................................................................

## સળંગ શાળા ઇન્ટર્નશિપ કાર્યક્રમનો તબક્કો (18 + 18 = 36 દિવસ)

મૂલ્યાંકનકારનું નામ : ....................................................................................

શાળાનું નામ : .................................................... તારીખ : ............... થી તારીખ : ..............

| ક્રમ | પ્રશિક્ષણાર્થીનું નામ | સમગ્ર આયોજન | પ્રાયોગિક શૈક્ષણિકકાર્ય | ક્રિયાત્મક સંશોધન / વ્યક્તિ અભ્યાસ | ઇન્ટર્નશિપ અહેવાલ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| | ગુણભાર | 10 | 20 | 20 | 10 | 60 |
| 1 | | | | | | |
| 2 | | | | | | |
| 3 | | | | | | |
| 4 | | | | | | |

મૂલ્યાંકનકારનું નામ અને સહી : ........................................................................

# ચતુર્થ સિમેસ્ટર

મૂલ્યાંકનકારનું નામ : ...............................................................................................

શાળાનું નામ : ....................................................... તારીખ : ............... થી તારીખ : ..............

| ક્રમ | પ્રશિક્ષણાર્થીનું નામ | સમગ્ર આયોજન | પ્રાયોગિક શૈક્ષણિકકાર્ય | ઇન્ટર્નશિપ અહેવાલ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| | ગુણભાર | 10 | 20 | 10 | 40 |
| 1 | | | | | |
| 2 | | | | | |
| 3 | | | | | |
| 4 | | | | | |

મૂલ્યાંકનકારનું નામ અને સહી : ...............................................................................

<u>સળંગ શાળા ઇન્ટર્નશિપ કાર્યક્રમનો તબક્કો</u> (18 + 18 = 36 દિવસ)

મૂલ્યાંકનકારનું નામ : .............................................................................................

શાળાનું નામ : ....................................................... તારીખ : ............... થી તારીખ : ..............

| ક્રમ | પ્રશિક્ષણાર્થીનું નામ | સમગ્ર આયોજન | પ્રાયોગિક શૈક્ષણિકકાર્ય | ક્રિયાત્મક સંશોધન/ પ્રોજેક્ટ/ સર્વેક્ષણ | ઇન્ટર્નશિપ અહેવાલ | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| | ગુણભાર | 10 | 20 | 20 | 10 | 60 |
| 1 | | | | | | |
| 2 | | | | | | |
| 3 | | | | | | |
| 4 | | | | | | |

મૂલ્યાંકનકારનું નામ અને સહી : ...............................................................................

# 12. શાળા ઇન્ટર્નશિપનાં અન્ય પત્રક

## 12.1 એકમ પાઠ આયોજન નોંધ

પ્રશિક્ષણાર્થીનું નામ : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . રોલ નંબર : . . . . . . .

સિમેસ્ટર : . .  . . . . . . . વર્ગ : . . . . તારીખ : . . . . . . . . તાસ : . . . . .પાઠ ક્રમ : . . . . . .

શાળાનું નામ : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

માર્ગદર્શકનું નામ : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

વિષય : . . . . . . . . . . . વિષયાંગ : . . . . . . . . . . . . . . .  . . ધોરણ : . . . . . ટુકડી : . . . .

**હેતુઓ** :

1.
2.
3.

**અધ્યયન નિષ્પત્તિઓ** :

1.
2.
3.

**કાર્યપદ્ધતિ** :

**અધ્યયન-અધ્યાપન સાહિત્ય-સામગ્રી** :

- ➢ પાઠયપુસ્તક
- ➢ સંદર્ભ સાહિત્ય
- ➢ સ્થાનિક સંદર્ભ સાહિત્ય
- ➢ શૈક્ષણિક સાધન
- ➢ અન્ય સાધન - સામગ્રી

**અધ્યયન-અધ્યાપન પ્રવૃત્તિઓ (સમગ્ર વર્ગવ્યવહાર)** :

- o વિષયાભિમુખ
- o વિષયાંગની સ્પષ્ટતા
- o વિષય નિરૂપણ તથા સતત મૂલ્યાંકન
- o મૂલ્યાંકન
- o સ્વાધ્યાયકાર્ય

**શ્યામપટ નોંધ** :

**માર્ગદર્શક અધ્યાપકની નોંધ અને સહી** :

## 12.2 વ્યાવહારિક આયોજન

| તાસ | વિષય | વિષયાંગ | વિષયવસ્તુના મુદ્દા | સ્વાધ્યાય | મૂલ્યાંકન |
|---|---|---|---|---|---|
| 1 | | | | | |
| 2 | | | | | |
| 3 | | | | | |
| 4 | | | | | |
| 5 | | | | | |
| 6 | | | | | |
| 7 | | | | | |
| 8 | | | | | |

## 12.3 સમય-આયોજન

પ્રશિક્ષણાર્થીનું નામ : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .
સંસ્થાનું નામ અને સરનામું : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . .. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

શૈક્ષણિક વર્ષ : . . . . . . . . . . . . . . . . . વર્ગ : . . . . . . . . . . . . . રોલ નંબર : . . . . . . .
માર્ગદર્શક અધ્યાપકનું નામ : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .
શાળાનું નામ અને સરનામું : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

. . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

શિક્ષક/કાઉન્સેલરનું નામ : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .
શાળાના આચાર્યનું નામ : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .
ઇન્ટર્નશિપનો સમયગાળો : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . .

ધોરણ : . . . . . . . . . વર્ગ : . . . . . . . .

| ક્રમ | સમય | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|---|
| | પ્રાર્થના-સંમેલન | | | | | | |
| 1 | | | | | | | |
| 2 | | | | | | | |
| 3 | | | | | | | |
| 4 | | | | | | | |
| 5 | | | | | | | |
| 6 | | | | | | | |
| 7 | | | | | | | |
| 8 | | | | | | | |
| 9 | | | | | | | |

## 12.4 શિક્ષકના શૈક્ષણિકકાર્યનું અવલોકન

પાઠ આપનાર : . . . . . . . . . . . .  . . . . . . . . . . . . . . . . . . . . અવલોકનક્રમાંક : . . . . . .
શાળા : . . . . . . . . . . . . . . . . .  . . . . . . . .. . . શ્રેણી : . . . . . તારીખ : . . . . . . . . . . .
વિષય : . . . . . . . . . . . .  વિષયાંગ : .  . . . . . . . . . . . . હેતુ : . . . . . . . . . . . . . . . . . .

1. વર્ગવ્યવસ્થાની રીત જણાવો.
2. પૂર્વજ્ઞાનની ચકાસણી :
3. વિષયાંગની સ્પષ્ટતા :
    - વિષયાંગની સ્પષ્ટતા થઈ ?
    - વિષય – વિષયાંગની નોંધ કા.પા.માં કરી ?
4. અધ્યયન અનુભવો :
    - એકમ અધ્યાપનનો આરંભ કઈ રીતે કર્યો ?
    - કઈ કઈ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ થયો ?
    - કઈ કઈ શૈક્ષણિક સાધન-સામગ્રીનો ઉપયોગ કર્યો ?
    - શિક્ષકનું પ્રશ્ન પૂછવાનું કૌશલ્ય કેવું હતું ?
    - અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની ભાગીદારી કેવી હતી ?
    - શિક્ષક દ્વારા કઇ વિશિષ્ટ/નવીન પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી ?
    - વિદ્યાર્થીઓએ કઈ રીતે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી ?
    - કા.પા. નોંધ –
    - શિક્ષકની અધ્યાપન ક્ષમતા, રજૂઆતની શૈલી અને ક્રમિકતા વિશે લખો.
5. મૂલ્યાંકન :
    - મૂલ્યાંકન કઈ રીતે થયું ?
6. સ્વાધ્યાયકાર્ય :
    - સ્વાધ્યાયકાર્ય શું આપવામાં આવ્યું ?
7. પાઠની સારી બાબતો :
    - શિક્ષકની લાક્ષણિકતાઓ
    - પાઠની સારી બાબતો

અવલોકન કરનારની સહી                    નિરીક્ષકની સહી

## 12.5 **પ્રશિક્ષણાર્થી** /સહપાઠીના શૈક્ષણિકકાર્યનું અવલોકન

પાઠ આપનાર : . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . . અવલોકનક્રમાંક : . . . . .
શાળા : . . . . . . . . . . . . . . . . . .. . . . . . . . . . . શ્રેણી : . . . . . તારીખ : . . . . . . . . . . .
વિષય : . . . . . . . . . . . . . વિષયાંગ : . . . . . . . . . . . . . . . હેતુ : . . . . . . . . . .. . . . . . . .

1. વર્ગવ્યવસ્થાની રીત જણાવો. તેમાં કોઈ સુધારો હોય તો જણાવો.
2. પૂર્વજ્ઞાનની ચકાસણી :
3. વિષયાંગની સ્પષ્ટતા :
   - વિષયાંગની સ્પષ્ટતા થઈ ?
   - વિષય – વિષયાંગની નોંધ કા.પા.માં કરી ?
4. અધ્યયન અનુભવો :
   - એકમ અધ્યાપનનો આરંભ કઈ રીતે કર્યો ?
   - કઈ કઈ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ થયો ?
   - કઈ કઈ શૈક્ષણિક સાધન-સામગ્રીનો ઉપયોગ કર્યો ?
   - શિક્ષકનું પ્રશ્ન પૂછવાનું કૌશલ્ય કેવું હતું ?
   - અધ્યયન-અધ્યાપન પ્રક્રિયામાં વિદ્યાર્થીઓની ભાગીદારી કેવી હતી ?
   - પ્રશિક્ષણાર્થી દ્વારા કઇ વિશિષ્ટ/નવીન પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી ?
   - વિદ્યાર્થીઓએ કઈ રીતે શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરી ?
   - કા.પા. નોંધ –
   - શિક્ષકની અધ્યાપન ક્ષમતા, રજૂઆતની શૈલી અને ક્રમિકતા વિશે લખો.
5. મૂલ્યાંકન :
   - મૂલ્યાંકન કઈ રીતે થયું ?
6. સ્વાધ્યાયકાર્ય :
   - સ્વાધ્યાયકાર્ય શું આપવામાં આવ્યું ? તેમાં કોઈ ફેરફાર જરૂરી હોય તો જણાવો.
7. પાઠની સારી બાબતો :
   - પ્રશિક્ષણાર્થીની લાક્ષણિકતાઓ
   - પાઠની સારી બાબતો
   - પાઠની સુધારવા જેવી બાબતો

પ્રશિક્ષણાર્થીની સહી      અવલોકન કરનારની સહી      નિરીક્ષકની સહી

## 12.6 પ્રાર્થના-સંમેલન

**તારીખ** : . . . . . . . . . . . .

**વાર** : . . . . . . . . . . . .

| ક્રમ | પ્રાર્થના-સંમેલનની વિગત | રજૂકર્તા |
|---|---|---|
| | | |

## 12.7 શૈક્ષણિક દૈનિકકાર્યની યોજના

**ધોરણ** : . . . . . . . .

**તારીખ** : . . . . . . . . . . . .

| ક્રમ | તાસ | વિષય | વિષયાંગ | અધ્યયન-અધ્યાપન કાર્યની ટૂંકી વિગત |
|---|---|---|---|---|
| | | | | |

પ્રશિક્ષણાર્થીની સહી

વર્ગશિક્ષકની સહી

શાળાના આચાર્યની સહી

અધ્યાપકની સહી

## 12.8 વહીવટીકાર્ય

| ક્રમ | તારીખ | કાર્યો | વિગત |
|---|---|---|---|
| | | | |

વર્ગશિક્ષકની સહી

શાળાના આચાર્યની સહી                    અધ્યાપકની સહી

## 12.9 સહઅભ્યાસિક પ્રવૃત્તિ

| ક્રમ | તારીખ | વિષય | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |

વર્ગશિક્ષકની સહી

શાળાના આચાર્યની સહી                    અધ્યાપકની સહી

## 12.10 ક્ષેત્રીય કાર્ય /સર્વેક્ષણ

| ક્રમ | તારીખ | ક્ષેત્રીય કાર્ય | પ્રવૃત્તિની વિગત |
|---|---|---|---|
| | | | |

વર્ગશિક્ષકની સહી

શાળાના આચાર્યની સહી                                        અધ્યાપકની સહી

## 12.11 અધ્યાપનકાર્ય

| ક્રમ | તારીખ | ધોરણ | વિષય | એકમનું નામ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

## 12.12 શાળા ઇન્ટર્નશિપ અંગેનો અભિપ્રાય

| |
|---|
| |

પ્રતિભાવ આપનાર શિક્ષકનું નામઃ ...............................................................................

હોદ્દોઃ ...............................................................................

સહી : ....................................................................

**12.13 અવલોકન પત્રક (આંગણવાડી)**

1. પૂર્વપ્રાથમિક શાળાનો અભ્યાસક્રમ

2. પ્રાર્થના કાર્યક્રમ

3. બાલવાડી કાર્યકરની પ્રવૃત્તિ

4. બાળકની પ્રવૃત્તિ

5. બાળરમત અને શૈક્ષણિક પ્રવૃત્તિ

6. શૈક્ષણિક પદ્ધતિ

7. બાળ સાહિત્યનો ઉપયોગ

8. મને શીખવા મળ્યું

9. અન્ય બાળઉપયોગી નોંધપાત્ર વિશિષ્ટ બાબતો

10. મારો નવો વિચાર

## સંદર્ભ-સૂચિ


1. અધ્યાપન મંદિરના પ્રશિક્ષણાર્થીઓ માટે મોડેલ ઇન્ટર્નશિપ કાર્યક્રમ, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર, વર્ષઃ 2009, પાના નંબરઃ 8, 9

2. બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, 2009

3. Practice in teaching and Internship(Manual for Teacher Educators), Department of State Education, Research and Training, Bangaluru, Karnataka, 2014, Page No: 6, 7

4. વિદ્યાલય - અનુભવ માર્ગદર્શિકા, B. S. T. C. (D .El. Ed.) પ્રશિક્ષણ વિભાગ, રાજસ્થાન, રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ઉદયપુર, વર્ષઃ 2012, પાના નંબરઃ 2

5. અધ્યાપક શિક્ષણ પદવિકા અભ્યાસક્રમ, મહારાષ્ટ્ર, રાજ્ય શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, પૂના, વર્ષઃ 2004, પાના નંબરઃ 17